**MEHTA SECURITIES LTD.**

Regd. Office : 2, Law Garden Apt. Scheme 1, Opp. Law Garden, Ellisbridge, Ahmedabad-380 006. Ph. : (079) 26561000, 26561... 26481513

Date: 16/08/2022

CIN NO: L67120GJ1994PLC022740

To,
BSE Limited
Corporate Relationship Department
PJ Towers,
Dalal Street,
Mumbai - 400 001

**Scrip Code: 511738**

**Sub.:- Newspaper publication regarding unaudited Financial Results for the quarter ended June 30, 2022.**

Dear Sir/Madam,

Pursuant to Regulation 30 and 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, we hereby enclose copies of newspaper clipping of the unaudited Financial Results of the Company for the quarter ended June 30, 2022 published on August 15, 2022 in Free Press Journal (in English newspaper) and Lok Mitra (in Gujarati newspaper). The Newspaper publication can also be accessed on the website of the Company, i.e. www.mehtasecuriuties.com.

Kindly take the same on record and oblige.

Thanking You,

Yours faithfully,

**For, Mehta Securities Limited**

Mahesh Motivaras
**Company Secretary**

Enclosure: A/a

E-mail:mehtasec@yahoo.co.in

# નીતીશકુમારના રાજકીય પલટાઓનો કોઈ બચાવ ન થઈ શકે



બિહારના મુખ્ય પ્રધાન નીતીશકુમારે ચોથીવાર પલટી મારવાથી દેશના સેક્યુલર રાજકારણની તાકાતમાં વધારો થવાનો નથી કે દેશના વિરોધ પક્ષોની સંયુક્ત તાકાતમાં પણ વધારો થવાનો નથી. ઊલટું કદાચ એ વધારે ક્ષીણ થશે. આમાં સેક્યુલર ભારતની ચિંતા કરનારાઓએ રાજી થવાની જરૂર નથી, ઊલટું શ્રદ્ધેય રાજકીય વિકલ્પ ક્યાં છે એવા પ્રશ્નનો જવાબ આપવો તેમના માટે મુશ્કેલ બનશે.

૨૦૧૩માં નરેન્દ્ર મોદીને બી.જે.પી.ના વડા પ્રધાનપદના ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા ત્યારે નીતીશકુમારે બી.જે.પી. સાથે છેડો ફાડ્યો હતો. ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં બિહારમાં કુલ ૪૦ બેઠકોમાંથી બી.જે.પી.ને ૨૨ બેઠકો મળી હતી. ૨૦૦૯ની લોકસભા કરતાં દસ બેઠક વધુ. આ સિવાય બી.જે.પી.ના નેતૃત્વ હેઠળના એન.ડી.એ. મોરચાના ઘટકપક્ષ રાષ્ટ્રીય લોક જનશક્તિ પાર્ટીને છ બેઠક અને રાષ્ટ્રીય લોક સમતા પાર્ટીને ત્રણ બેઠક મળી હતી. કુલ ૪૦માંથી ૩૧ બેઠકો. નીતીશકુમારને સમજાઈ ગયું હતું કે સમય બદલાઈ રહ્યો છે અને બિહારમાં બી.જે.પી.નો ઝડપી પ્રવેશ થઈ રહ્યો છે. આવો અનુભવ અન્ય રાજ્યોમાં અન્ય પ્રાદેશિક પક્ષોને પણ થયો હતો. ખાસ કરીને ઉત્તર પ્રદેશ, હરિયાણા, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં.

હવે વિકલ્પ શો? બી.જે.પી.ના જગન્નાથના રથને રોકવો કઈ રીતે? રાજકીય અસ્તિત્વ જાળવી રાખવા શું કરવું જોઈએ? ૧૯૫૨ની પહેલી સામાન્ય ચૂંટણીનાં પરિણામો જોઈને વિરોધ પક્ષો સામે સવાલ ઉપસ્થિત થયો હતો કે કૉંગ્રેસ સામે જગ્યા બનાવવી કેવી રીતે? ૨૦૧૪ પછી સવાલ ઉપસ્થિત થયો કે બી.જે.પી. સામે જગ્યા ટકાવવી કેવી રીતે? ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી પછી અને આ વરસે ઉત્તર પ્રદેશની વિધાનસભાની ચૂંટણી પછી આ સવાલ વધારે આકરો બન્યો હતો. કૉંગ્રેસ સામે જ્યારે જગ્યા બનાવવાની વાત હતી ત્યારની વાત જુદી હતી અને અત્યારે બી.જે.પી. સામે જગ્યા ટકાવી રાખવાની વાત આવે છે ત્યારની વાત જુદી છે. ત્યારે વિરોધ પક્ષોના નેતાઓ (જનસંઘ/બી.જે.પી. સહિત) રામનાથ ગોએન્કાની ભાષામાં કહીએ તો ન મિલી કે સાધુ હતા અને કૉંગ્રેસીઓ ભ્રષ્ટ હતા. બધા જાણે કે દેશ માટે ફના થવા નીકળ્યા હતા અને જનતાની સેવા કરવાની ચિંતા અહર્નિશ કરતા હતા.

અત્યારે બી.જે.પી.ના નેતાઓ પાસે હિન્દુત્વ, રાષ્ટ્રવાદ અને દેશપ્રેમ છે અને વિરોધ પક્ષોના નેતાઓ પાસે ખરડાયેલો ઈતિહાસ છે. મુખ્યત્વે ત્રણ ચીજ તેની ઉધાર બાજુએ છે; પરિવારવાદ, તકવાદ અને ભ્રષ્ટાચાર. નીતીશકુમારની વાત કરીએ તો તેમની સામે અત્યાર સુધી ભ્રષ્ટાચારના કોઈ ગંભીર આરોપ થયા નથી, તેમના પરિવારનો કોઈ સભ્ય રાજકારણમાં નથી અને તેઓ કાર્યક્ષમ અને કાર્યદક્ષ શાસકની ખ્યાતિ ધરાવે છે. તેઓ બે દાયકાથી શાસનમાં છે પણ કાળો ડાઘ લાગ્યો નથી અને બિહાર જેવા રાજ્યની તેમણે ઠીકઠીક પ્રમાણમાં કાયાપલટ કરી છે. આ સિવાય તેઓ મિતભાષી છે. બકવાસ કરતા નથી અને આક્રમક મિજાજ ધરાવતા નથી. નરેન્દ્ર મોદીનો સામેના છેડાનો એક ઠાવકો માણસ છે. માટે દેશમાં સર્વસાધારણપણે એમ માનવામાં આવતું હતું કે બી.જે.પી.ના વિકાસના ધ્યેય વિનાના અને ગરીબ માણસ માટેની નિસ્બત વિનાના ખોખલા રાષ્ટ્રવાદનો વિકલ્પ નીતીશકુમાર બની શકે. બી.જે.પી.ને હિંદુ સર્વોપરિતા સ્થાપવા સિવાય બીજી કોઈ ચીજમાં રસ નથી અને કોઈ એક પ્રજાની સર્વોપરિતા સ્થાપવી હોય તો દેખીતી રીતે લોકતંત્ર સાથે અને કાયદાનાં રાજ સાથે ચેડાં કરવાં પડે. ભારત એવો દેશ ન રહે જેવા દેશની કલ્પના ભારતનું બંધારણ ઘડનારાઓએ કરી હતી.

જો ભારતને બંધારણમાં કલ્પવામાં આવ્યો છે એવા દેશ તરીકે ટકાવી રાખવો હોય તો એમાં નીતીશકુમાર કામમાં આવે એમ છે. નરેન્દ્ર મોદીના હિંદુ ચહેરા સામે નીતીશકુમારને સર્વસમાવેશક ભારતના ચહેરા તરીકે રજૂ કરી શકાય. શરૂ શરૂમાં અરવિંદ કેજરીવાલ તરફ પણ નજર દોડાવવામાં આવી હતી, પણ સરવાળે એવું સાબિત થયું કે આ માણસ રતીભાર પણ ભરોસાપાત્ર નથી. તે રાજકીય રીતે બી.જે.પી.ના નેતાઓ કરતાં પણ વધારે નિર્દયી છે, નરેન્દ્ર મોદીની બરાબરી કરી શકે એવા સ્વકેન્દ્રી છે અને સૌથી વધુ તો એ કે તેઓ તેમની રાજકીય વિચારધારા છૂપાવે છે. આ માણસ સંઘપરિવારનો જ વૈકલ્પિક ચહેરો નીવડે તો જરા ય આશ્ચર્ય ન થાય. આમ રહી સહીને એક જ નામ સામે આવતું હતું, નીતીશકુમાર.

પણ નીતીશકુમારે એટલી રાજકીય પલટીઓ મારી છે કે જેનો કોઈ બચાવ ન થઈ શકે. ૨૦૧૫માં લાલુપ્રસાદ યાદવના રાષ્ટ્રીય જનતા દળ અને કૉંગ્રેસ સાથે ગઠબંધન કર્યું અને ચૂંટણી જીતી. લાલુપ્રસાદના પક્ષને નવ બેઠક વધારે મળી હોવા છતાં તેમણે ત્યારે નીતીશકુમારને મુખ્ય પ્રધાન બનાવ્યા હતા. સામે નીતીશકુમારના પક્ષની બેઠકમાં ૨૦૧૦ની તુલનામાં ૪૪ બેઠકનો ઘટાડો થયો હતો. હજુ વરસ પહેલા(૨૦૧૪)માં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ૪૦માંથી ૨૨ બેઠક (એન.ડી.એ.ની ૩૧) મેળવનાર બી.જે.પી.ને વિધાનસભામાં માત્ર ૫૩ બેઠકો મળી હતી. બી.જે.પી.ની ૩૮ બેઠકો ઘટી હતી. આમ છતાં એવી ખાતરી થવા લાગી કે નીતીશકુમાર બી.જે.પી.નો અને નરેન્દ્ર મોદીનો રાજકીય વિકલ્પ બનશે.

૨૦૧૭માં નીતીશકુમારે ફરીવાર ગુલાંટ મારી. રાષ્ટ્રિય જનતા દળનો સાથ છોડીને તેમણે બી.જે.પી. સાથે હાથ મિલાવ્યો. એ માટેનાં તેમના રાજકીય કારણો હતાં, પણ તેમનું એ પગલું અનૈતિક હતું. એને કારણે દેશના સેક્યુલર પોલિટિક્સ ને મોટું નુકસાન પહોંચ્યું હતું. કોના પર ભરોસો મૂકવો? આ માણસ પ્રામાણિક છે, કાર્યક્ષમ છે, પરિવાની દુકાન નથી ચલાવતો તો ભરોસાપાત્ર નથી. નીતીશકુમારને ૨૦૨૦ની વિધાનસભાની ચૂંટણીમાં આનો કડવો અનુભવ થયો હતો. બી.જે.પી.એ રામવિલાસ પાસવાનના દીકરા ચિરાગ પાસવાનને એન.ડી.એ.ના ગઠબંધમાંથી જાણીબૂઝીને બહાર રાખ્યો હતો. તેનું કામ નીતીશકુમાનો ખેલ બગાડવાનું હતું. બી.જે.પી.એ નીતીશકુમારના જનતા દળ યુનાઈટને હરાવવમાં કાંઈ બાકી નહોતું રાખ્યું. ૨૦૧૦ની વિધાનસભમાં જે પક્ષ પાસે ૧૧૫ બેઠકો હતી એ ઘટીને ૨૦૧૫માં ૭૧ થઈ ગઈ અને ૨૦૨૦માં હજુ વધુ ઘટીને ૪૩ થઈ ગઈ. સૌથી વધુ ૭૫ બેઠકો તેજસ્વી યાદવના નેતૃત્માં રાષ્ટ્રીય જનતા દને મળી હતી. બીજા ક્રમે બી.જે.પી.ને ૭૪ બેઠકો મળી હતી. ૨૪૩ સભ્યની વિધાનસભામાં નીતીશકુમાર ત્રીજા ક્રમે ધકેલાઈ ગયા હતા. આ બી.જે.પી.ની ચાલ હતી એ નીતીશકુમારના જાણતા હતા પણ લાચાર હતા. તેમની અકળામણ તેમની બોડી લેન્ગવેમાં પ્રગટ થતી હતી.

બી.જે.પી.નો ઈરાદો દેશમાંથી પ્રાદેશિક પક્ષોને ખતમ કરી નાખવાનો છે. મહિના પહેલાં મહારાષ્ટ્રમાં શિવસેનાને ખતમ કરવામાં આવી. પંજાબમાં અકાલી દળને ખતમ કરવાનો પ્રયાસ કર્યો હતો. હજુ ગયા અવાડિયે બી.જે.પી.ના રાષ્ટ્રીય અધ્યક્ષ નદ્દાએ કહ્યું હતું કે બી.જે.પી. તમામ પ્રાદેશિક પક્ષોને હજમ કરી જવાનો ઈરાદો ધરાવે છે. આના ભાગરૂપે બિહારમાં જનતા દળ યુનાઈટેના વિધાનસભ્યોને ખરીદવાની તૈયારી ચાલી રહી હતી. આની જાણ નીતીશકુમારને થઈ અને બી.જે.પી.ને તેમાં સફળતા મળે એ પહેલાં તેમણે પાટલો બદલીને બી.જે.પી.ની યોજના રોળી નાખી.

બી.જે.પી.ના નેતાઓને ખબર છે દેશના અંદાજે ૯૦ ટકા હિન્દુઓ હિંદુરાષ્ટ્રના વિરોધી છે. તેમને ખબર છે કે દક્ષિણ ભારતમાં, કંઈક અંશે પૂર્વ ભારતમાં, પશ્ચિમ બંગાળમાં, કંઈક અંશે ઓડિશમાં, પંજાબમાં અને કાશ્મીરમાં પ્રવેશ અઘરો છે. તેનો મદાર ઉત્તર, મધ્ય અને પશ્ચિમ ભારત પર છે અને માટે તે લાજશરમ નેવે મૂકીને સરકારો તોડે છે અને પ્રાદેશિક પક્ષોને ખતમ કરે છે. આ બી.જે.પી.ની જરૂરિયાત થઈ. દેશની પણ એક જરૂરિયાત છે અને તે છે બી.જે.પી. અને નરેન્દ્ર મોદીના વિકલ્પની. લોકશાહીમાં આ પણ રાજકીય વિકલ્પ હોવો જોઈએ અને જ્યારે સત્તાધારી પક્ષનો એજન્ડા બંધારણ વિસંગત ભારતનાં નિર્માણનો હોય ત્યારે તો તેની વધુ જરૂર છે. દેશનાં ૯૦ ટકા હિન્દુને વિકલ્પ જોઈએ છે. પણ મને એમ લાગે છે કે નીતીશકુમાર વિકલ્પ નહીં બની શકે. બુંદ સે ગઈ વો હોજ સે વાપસ નહીં આતી. દરમ્યાન તમે એક વાત નોંધી? રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવતે કહ્યું છે કે દેશ માટે એક પક્ષ એક નેતાનું રાજકારણ હિતાવહ નથી. આમ કહીને તેમણે નરેન્દ્ર મોદીની ટીકા કરી છે એમ નહી માનતા. તેઓ તેમની મદદમાં આગળ આવ્યા છે. વખત આવ્યે અનેક રીતે અને અનેક મોઢે બોલવાની સંઘપરિવાર પ્રવીણતા ધરાવે છે. એકવચની હોવું અને કથની અને કરણીમાં એકવાક્યતા હોવી એ તેમની સાવરકરેરીય ફિલસૂફી મુજબ સદ્‌ગુણ વિકૃતિ છે.

## ૨૭ ઓગસ્ટે અમદાવાદમાં!:૧ લાખ અમદાવાદી ૨૧ કિ.મી.ની નાઈટ હાફ મેરેથોન દોડશે

અમદાવાદ,અમદાવાદમાં ૨૭મી ઓગસ્ટની આખી રાત લાખો લોકો સડકો પર ઉતરી આવશે. પોલીસે આમના માટે ખાસ બંદોબસ્ત પણ કર્યો છે. ઈનફેક્ટ આટલા બધા લોકોને આખી રાત રોડ પર ખુદ પોલીસ જ લાવી રહી છે. કારણ કે, રથયાત્રાની ભવ્યતાને યાદ દેવડાવે તેવી ૨૧ કિ.મી.ની નાઈટ હાફ મેરેથોન તે રાત્રે અમદાવાદમાં યોજાશે. અમદાવાદ અને ગુજરાત પોલીસ અત્યાર સુધીના ઈતિહાસમાં ક્યારેય ન સર્જાનારી ભવ્યતા આ ઈવેન્ટને અપાવવા કમર કસી રહી છે, જેનું આયોજન ડ્રગ્સની બદીની નાબૂદી માટે થઈ રહ્યું છે.

રિવરફ્રન્ટથી સિંધુભવન સુધી દોડનો રુટ બનશે

પશ્ચિમ અમદાવાદના ૨૧ કિલોમીટરના પોશ વિસ્તારમાંથી આ નાઈટ હાફ મેરેથોન પસાર થશે. રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટરથી શરૂ થઈને આ હાફ મેરેથોન સિંધુભવન રોડ સુધીના વિસ્તારને આવરી લેશે. તેમાં ગુજરાત યુનિવર્સિટીનો પણ ભાગ સામેલ થશે. આ હાફ મેરેથોનની પાછળનો ઉદ્દેશ અમદાવાદના પરિવારો અને યુવાનોને ડ્રગ્સ સામે અવાજ ઉઠાવવા અને હેલ્ધી લાઈફ સ્ટાઈલ જીવવા માટે મેસેજ આપવાનો છે.

બોલિવૂડ-ઢોલીવૂડ સ્ટાર્સ એન્ટરટેઈનમેન્ટ કરશે

આ હાફ મેરેથોનમાં શહેર પોલીસ કમિશનર, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને તમામ સેલિબ્રિટી એક સરખી ટી-શર્ટ અને ટ્રેક પહેરીને દોડતા નજરે પડશે. અમદાવાદમાં ડ્રગ્સની સામે લડાઈ માટે એક લાખ લોકોને શહેરના રસ્તા પર લાવવાનું પોલીસનું પ્લાનિંગ છે. શહેરના રસ્તાઓ પર આવનારા આ ૧ લાખ લોકો ૨૧ કિ.મી. સુધી દોડશે. આ મેરેથોનમાં બોલિવૂડ તેમજ ઢોલિવૂડના કલાકારો દેશની સુરક્ષા એજન્સીઓના ચુનંદા અધિકારીઓ અને તેઓના સન્માનનીય બેન્ડ તેમજ ડીજે સાથે સ્ટેજ પર પરફોર્મ કરશે.







### MEHTA INTEGRATED FINANCE LIMITED

**CIN: L65910GJ1985PLC007692**

Reg. Off: 003, Law Garden Appartment, Scheme-1 , Law Garden, Ellisbridge,Ahmedabad – 380006
Website: www.mehtaintegratedfinance.com Ph: 079- 26561000

**Extract of Statememt of Standalone Unaudited Financial results for the first quarter ended 30th June, 2022**

(Rs. In Lakhs except EPS)

| Sr. No. | Particulars | Quarter ended 30.06. 2022 | Quarter ended 30.06.2021 | Year ended 31.03.2022 |
|---|---|---|---|---|
| | | (Un-audited) | (Un-audited) | (Audited) |
| 1 | Total income | 37.38 | 3.75 | 38.33 |
| 2 | Total Expensnes | 10.07 | 3.98 | 69.22 |
| 2 | Net profit / (loss) for the period (before exceptional items and tax) | 27.32 | -0.23 | -30.89 |
| 3 | Net profit / (loss) for the period before tax (after exceptional items ) | 27.32 | -0.23 | -30.89 |
| 4 | Net profit / (loss) for the period after tax (after exceptional items) | 27.32 | -0.23 | -30.89 |
| 5 | Total comprehensive income for the period (after tax) | 27.32 | -0.23 | -30.89 |
| 6 | Paid up Equity Share Capital | 500 | 500 | 500 |
| 7 | Reserve (excluding revaluation reserves as shown in the AuditedBalance Sheet of the Previous year) | 0 | 0 | 879.51 |
| 8 | Earning per share (of Rs. 10/-each) Basic and Diluted | 0.55 | -0.005 | -0.62 |

Note:
(1)The above is an extract of the detailed format of Unaudited Financial Results for the first quarter ended 30th June, 2022 field with Stock Exchange under rgulation 33 of the SEBI(Listing Obligations & Disclosure Requirements) Regulations, 2015.
(2)The full format of the same alongwith the note is available on the website of stock exchange at www.bseindia.com and at the website of the Company at www.mehtaintegratedfinance.com

**For, Mehta Integtated Finance Limited**
**Sd/-**
**Chirag D. Mehta**
**Whole-time Director**
**(DIN: 00484709)**

**Place: Ahmedabad**
**Date: 13.08.2022**



### MEHTA SECURITIES LIMITED

**CIN: L67120GJ1994PLC022740**

Reg. Off: 002, Law Garden Appartment, Scheme-1 , Opp. Law Garden, Ellisbridge, Ahmedabad – 380006
| Website: www.mehtasecurities.com | Email ID: mehtasec@gmail.com
Ph: 079-26561000

Extract of Statememt of Standalone Un-audited Financial Results for the first quarter ended 30th June, 2022

(Rs. In Lakhs except EPS)

| Sr. No. | Particulars | Quater ended 30.06.2022 | Quarter ended 30.06.2021 | Year ended 31st March, 2022 |
|---|---|---|---|---|
| | | (Un-audited) | (Un-audited) | (Audited) |
| 1 | Total income | 2.98 | 3.55 | 44.46 |
| 2 | Total Expensnes | 8.67 | 8.39 | 43.25 |
| 2 | Net profit / (loss) for the period (before exceptional items and tax) | -5.69 | -4.84 | -87.71 |
| 3 | Net profit / (loss) for the period before tax (after exceptional items) | -5.69 | -4.84 | -87.71 |
| 4 | Net profit / (loss) for the period after tax (after exceptional items) | -5.69 | -4.84 | -87.71 |
| 5 | Total comprehensive income for the period for the period (after tax) | -5.69 | -4.84 | -87.71 |
| 6 | Paid up Equity Share Capital | 308.94 | 308.94 | 308.94 |
| 7 | Reserve (excluding revaluation reserves as shown in the Audited Balance Sheet of Previous Year) | 0 | 0 | 496.85 |
| 8 | Earning per share (of Rs. 10/-each) Basic and Diluted | -0.18 | -0.16 | -2.84 |

Note:
(1)The above is an extract of the detailed format of Un-audited Financial Results for the quarter ended 30th June, 2022 field with Stock Exchange under regulation 33 of the SEBI(Listing Obligations & Disclosure Requirements) Regulations, 2015.
(2)The full format of the same alongwith the note is available on the website of stock exchange at www.bseindia.com and at the website of the Company at www.mehtasecurities.com

**For, Mehta Securities Limited**
**SD/-**
**Bhavna D. Mehta**
**Managing Director**
**(DIN: 01590958)**

**Place: Ahmedabad**
**Date: 13.08.2022**